સોનાની ગુફાનો દેખાવ

યાને

નિમકહલાલીનો નમુનો.

લખનાર

દોસાભાઈ હોરમસજી ડીસાવાળા.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक २२०० वर्गांक

पुस्तकनुं नाम મોગલોની ગુજરાતનો ઇતિહાસ

विषय ८ - : ३

બનામે ખુદા.

મોનાની ગુફાનો હેવાલ

યાને

નિમકહલાલીનો નમુનો.

ખેદકારક અને ચાનક આપનારી
અતિ રસિલી વાર્તા.

લખનાર

ડોસાભાઈ હોરમસજી, દીસાવાળા.

અમદાવાદમાં

રાજનગર પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૬૫—સને ૧૯૦૮-૦૯

કિંમત રૂ. ૦—૨—૦

(સર્વ હક સ્વાધીન.)

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૨૨૦૦

અર્પણ પત્રિકા.

આ સૃષ્ટિનો સરજનાર જેની અપાર શક્તિવડે
આ લઘુ પુસ્તક લખવાની મ્હને હામ મલી
છે તે પરમ કૃપાળુ દાદગરના ચરણ હેઠળ
આવી બે કર જોડી પગે પડી શુદ્ધ
અંતઃકરણના પૂર ઉભરા સાથ તે
બાહારે હુકતાલાની દરબારમાં
આ પુસ્તક પ્રેમપૂર્વક અ-
ર્પણ કરૂં છું.

નિરંતર આજ્ઞાંકિત,

કર્તા.

ખુદા.

બે બોલ.

આ મ્હારૂ લઘુ પુસ્તક માટે મ્હારે ઘણુંજ થોડું કહેવાનું છે. આજ લાંબા વખતથી એકાદ વાર્તાની ચોપડી બહાર પાડવા મ્હારા અજ્ઞાની ભેજામાં રમી રહેલો ખ્યાલ આજ પૂર્ણ થયેલો જોઇ મ્હને આનંદ થાય છે. આજકાલ વાર્તાની ઘણી ચોપડીઓ બહાર પડેલી જોવામાં આવે છે, પરંતુ તે અંગ્રેજી નોવેલોની બરાબરી કરી શકી નથી એજ ગુજરાતીની ખામી છે. આ ખામીનું કારણ એટલુંજ છે કે કર્તાને ઉત્તેજન આપનાર ગુજરાત વર્ગમાં ઘણાજ થોડા જોવામાં આવે છે. હું કાંઇ મ્હોટો નોવેલીસ્ટ નથી, કે નથી એવું પૂર્ણ જ્ઞાન ધરાવનાર ! તોપણ મ્હારી ફુરસદના વખતનો લાભ લઇ આ બે હુલાવક ચોપડી આર્યબંધુ સનમુખ મેલતાં ખુશી થવા જેવું છે. વળી એવું પણ કહેનારા ઘણા મલશે કે આ ચોપડી નથી પણ ન્હાનકડી રમત છે, પરંતુ આ ચોપડી ઉપરથી જે શીખામણ લેવાની છે તે પ્રમાણે ચાલવાને હાલના જમાનામાં ઘણાજ થોડા ધ્યાન ધરશે. આ ચો-

પડી બહાર પાડવા મ્હેં પહેલ વહેલુંજ પગલું ઉચક્યું છે, તેથી તે અસંખ્ય ભૂલોથી ભરપૂર હશે, તે માટે મ્હારા સુજ્ઞ વાંચકોને એટલીજ અરજ છે કે, તેમને જે ખોડખાંપણ માલમ પડે તે દયાની રાહે ક્ષમા કરશે એવી આશા રાખું છું, અને ચાહું છું કે તેઓ મ્હારા આ પહેલા પગલામાં સારો આસરો અને આધાર આપશે તો ભવિષ્યમાં બીજું પુસ્તક જે બહાર પાડવાનો મ્હારો ઇરાદો છે તે પૂર્ણ કરવા વખત ગુમાવવા ચૂકીશ નહિં.

લી. કર્તા.

બનામે ખુદા.

સોનાની ગુફાનો હેવાલ

યાને

નિમકહલાલીનો નમુનો.

એક સંપૂર્ણ વાર્તા.

મ્હારા પર ખુદ વીતેલી કહાણી કહું છું. મ્હારી જીંદગી દરમ્યાન મ્હારા કેવા હાલ બનેલા,–સોનાની ગુફાનો હેવાલ,—એક રાતમાં મ્હારા કાળા વાળ સફેદ શી રીતે થયા, અને જવાનમાંથી જઈફ શા માટે લેખાયો. મ્હારી જવાનીનાં સુગંધીદાર ફુલો એક રાતમાં શી રીતે કરમાઇ ગયાં, તે હેવાલ જાણવાને બીજાઓ કરતાં મ્હારો સાહેબ ઘણો આતુર હતો. હજી પણ તે વાત મ્હારી પાસે હરઘડી કહેવડાવે છે, જો તેને કહેવાને મ્હને જરાપણ શ્રમ લાગતો નથી, કારણ તે સાહેબ મ્હારો બાપ, મ્હારી

મા અને મ્હારૂં સર્વસ્વ તેનામાંજ સમાયલું હતું એમ કહીએ તો ચાલે.

મ્હારો જન્મ,—કેટલીક વખત મ્હારો સાહેબ પોતાનાં ગજવામાંથી ચામડાની થેલીમાં રહેતું દૂર્બીન કાઢી દૂરના મૂલકો જોતો તેવા,—ઉંચાં ચઢાણવાળા ડુંગરોની ખીણોમાં ગરૂડ પક્ષિના માળા માફક આવેલા એકાદ ગામડામાં થયો હતો. મ્હારા જન્મનો દિવસ ઘણો ઉત્સાહ ભર્યો ગણાયલો એમ કહેવામાં આવે છે. મ્હારાં માતપિતાને પરણ્યાને લાંબો વખત વહી ગયલો, પરંતુ તેમનું હૃદય ખુશ કરવા, અગર તેમની આંખો મીંચાય તે વખતે કફન નાંખનાર તેમને પેટ કંઇ સંતાન નહોતું. મ્હારો પિતા ધારતે તો બીજી બાઇડી લાવતે, પણ તે વખતે બાઇડીઓ પરણવા પાછળ મ્હોટો ખર્ચ કરવો પડતો, અને મ્હારો બાપ કંજુસ હોવાથી તે પૈસા એકઠા કરવાનું સમજતો હતો, તેથી પૈસો ગુમાવવાને બદલે ઈશ્વર પર વિશ્વાસ રાખી બેઠો, જે સબુરીના ફળથી મ્હારો જન્મ થયો.

મ્હારા પિતાએ મ્હને ઘણી વખત કહેલું કે મ્હારા જન્મના દિવસે તે પોતાની ઝુંપડીના છાપરામાં પાડોશી

તથા મિત્રો સાથે બેસી મ્હારા જન્મની મુબારકબાદી ચાહતાં હુક્કો ગગડાવતાં એક જણે પૂછ્યું:—

"અને આ તારા બેટા માટે તેં શું ધાર્યું! દિવાન સિંહ! તેને માટે તું શું કરશે?"

મ્હારા પિતાએ મગરૂબીમાં જવાબ વાળ્યો, "મ્હારો દીકરો અંગ્રેજ સરકારના રાજ્યમાં જંગલ ખાતામાં નોકરી કરશે, અને ઘણો માન મરતબો ભોગવશે."

જોયું, સાહેબ. મ્હારા જન્મ થયાને હજી ચોવીસ કલાક પૂરા થયા નહોતા તે પહેલાંતો મ્હારૂં ભવિષ્ય નિર્ણય થઇ ચૂક્યું હતું, અને એ વિષયની તાલીમ મ્હને નાહનપણથી આપવામાં આવતી હતી.

જ્યારે ગામના બીજાં છોકરાં બેઓ હું મ્હોલ્લામાં રમવા જતો, ત્યારે મારી રમતોને એક કોરે મેલાવી મ્હારો પિતા મ્હને લખવા તથા વાંચવા શીખવા બોલાવી લેતો હતો. જે સખ્સ મ્હને આ બાબતની તાલીમ આપતો હતો. તે એકલોજ તે ગામમાં વિદ્વાન ગણાતો હતો. મ્હારો બાપ આ મહેનતના બદલા તરીકે દર અઠવાડીએ તેને બાર આનાનો પગાર આપતો.

નિશાળ અભ્યાસ પ્રથમ મ્હને કંટાળાભર્યો લાગ્યો. મ્હોલ્લામાં છોકરાંઓને રમતાં જોઈ તે તરફ મ્હારૂં લક્ષ વધું ખેંચાતું, પણ ધીમે ધીમે મ્હને જે શીખવવામાં આવતું તે ધ્યાન દઈ ઘણી ઝડપે ગોખતો.

આખરે મ્હારા છોકરપણાના દિવસો ગુજર્યા, અને જવાન માણસના રૂપમાં ગણાવા લાગ્યો, ત્યારે મ્હારા પિતાએ મ્હને બોલાવી કહ્યું:—

“બેટા! આ બાપનું ઘર છોડવાને વખત પાસે આવ્યો છે. મ્હેં બધી ગોઠવણ કરી છે, અને જંગલ ખાતાના સાહેબના હાથ હેઠળ એક જગ્યો ખાલી છે. તેને બીજા ચપરાસીની જરૂર છે. બેશક આ જગ્યા માટે ઘણા ઉમેદવારો હશે, પરંતુ આ રૂપિઆની થેલી લેઈ પાંસરો સાહેબના કારકુનને જઈ મળજે. તેની મારફતે બધી તજવીજ થશે અને ખાલી પડેલી જગ્યો તને આપશે.”

મ્હેં તે રૂપિઆથી ભરેલી થેલી લીધી, બિછાનું વીંટયું, તેમાં રાંધવા જોગાં વાસણો બાંધ્યાં, અને એક વખતના સુખી ઘેરને આ ઝૂંપી પેટ ભજે નમન કરી મ્હારી માતાની રજા લેવા ગયો જાણે મ્હને કબરમાં દાટ

વા લગ્ન જતા હોય એ મિસાલ તેણી ડુસકે ડુસકે રડી, મ્હને માતાના વહાલભર્યાં હેતની ચુંમ્બો, અને હું મુસાફરીએ નિકળ્યો. ઘણી વખત મ્હારા પિતા સાથે પાસેના ગામડાઓમાં ગયલો હોવાથી રસ્તો મ્હને સહેલો લાગ્યો, પણ જ્યાં સાહેબ રહેતો હતો ત્યાં આવતાં મ્હારાં પાછલાં બાર ધડકવા લાગ્યાં હું તેને તેના કામમાં કેવી રીતે સંતોષ પમાડીશ? હું જંગલી જેવો મ્હાડોનો વતની હતો. તેની ખીદમતગારી કરતાં વખતે મ્હારાથી કંઇ ભૂલચૂક થશે તો તેથી શું તે મ્હને લાકડી મારશે, અથવા તો તુરંગમાં મોકલશે? આ વિચાર આવતાં ઘર તરફ પાછા ફરવાની મેં ધારણા કીધી, પણ તેમ કરીશ તો તેનું પરિણામ શું આવશે?

"જૂઓ! દેલાવરસિંહ પાછો આવ્યો! જે મ્હોટો ઓધ્ધેદાર થવાનો હતો, અને આપણા ગામપર સર્વોપરી કરવાનો હતો. આવ, નાહના ભાઇ દેલાવર, અને આ બાઇડીઓને તેઓના કામમાં મદદ કર, કારણ એજ કામને લાયક તું છે." વખતે આમ ગામના લોક ટોણા મારશે તો મારી શી આબરૂ રહેશે.

તેથી હિંમત બાંધી આગળ ચાલ્યો, અને સાહેબ

ના કારકુનને ઘેર ગયો. તેનાથી હું ડર્યો નહિં, કેમકે તે મ્હારી જાતનો મ્હારી ચામડીના રંગવાળો, મ્હારા બે-નો કોઈ ટેકરાનો રહીશ હતો.

કેટલીક વાતચિત થયા બાદ, અને રૂપિઆ તેના ગજવામાં પડયા પછી આવતી કાલે સહવારે ઓફીસના વખતે આવવા મ્હને ફરમાવ્યું, અને મ્હનેજ જગો આપવામાં આવશે એવી ખાત્રી આપી.

બીજે દિવસે નિમેલા વખતે ઓફીસમાં જઇ પ-ડાંહીવાળી એક ખૂણે લપાઇ-ગુપાઇ બેઠો, અને મ્હારા પોતાનાજ પ્રતિબિંબથી બિહવા ધ્રુજવા લાગ્યો. એટલામાં વીલસન સાહેબ આવ્યા તેમને મ્હેં બે હાથે જમીનસુધી વાંકાવળી સલામ કીધી, પણ કંઇ બોલી શક્યો નહિં. મ્હારી પોતાની હિંદુસ્થાની ભાષા બોલવાની તો બાજુએ રહી પરંતુ જંગલી ભાષા પણ બોલવા હોસ રહ્યા નહિં. એટલો હું સાહેબને જોઇ બિહતો હતો.

પણ વીલસન સાહેબ જરાપણ ગૂસ્સે થયા નહિં, અને મ્હારા તરફ જોઇ દયા ભરી લાગણી સાથ હસ્યા, અને કારકુનને પૂછ્યું, " આ ગાણુ જેવો છોકરો કોણ

છે? મ્હને લાગે છે કે તેણે કદી ગોરી ચામડીના માણસને જોયો નહિં હશે?"

"સાહેબ, એ નવો ચપરાસી છે." કારકુને કહ્યું, અને પછી મ્હારા તરફ નજર નાંખી ધમકી આપતાં ધીમેથી કહ્યું, "બિહેછે શામાટે? ઘુવડના બેટા, નહિં-તો સાહેબ તને જગ્યો નહિં આપશે!"

પણ વીલસન સાહેબ આ વાત સમજી ગયો અને મુછોમાં હસ્યો.

"મારે બંગલે જા, છોકરા." સાહેબે મને ફરમાવ્યું, "ત્યાં તારે શું કામ કરવાનું તે બીજા ચપરાસીઓ તને કહેશે."

આથી હું વીલસાન સાહેબની નોકરીમાં જોડાયો. હું તરતનો ઉમેદવાર હતો તે સાહેબ સારી પેઠે જાણતો હતો, સાહેબ ઘણો ભલો, માયાળુ અને બહાદુર હતો. હું તેના મ્હોંમાંથી પડતો શબ્દ ઉંચકી લેતો તેથી તે મ્હારા ઉપર બહુ વહાલ રાખતો, અને જાણે ઈશ્વરે જ એવો ભલો ઉપરી મ્હારા માટે સરજ્યો હોય એ માટે હું તે કિરતારનો મ્હોટો ઉપકાર માનવા લાગ્યો.

આવો સાહેબ કદી થશે નહિં, અને થનાર પણ નથી. તે હમેશ ખુશી અને આનંદી દિસ્તો, તો કેટલીક વખત તે ઉશ્કેરાયલો દેખાતો, તેવે પ્રસંગે હું તેના પગ આગળ ધ્રૂજતો, તે જોઇ તે સંતોષ માનતો. હું જે કંઇ કામ કરતો તે તેનેજ ખાતર કરતો હતો, અને બીજા ચપરાસીઓ કરતાં હું તેના કામપર વધારે મન આપતો હોવાથી તેનો ચાહ ટુંક અરસામાં મેળવી લીધો.

વીલસન સાહેબને શિકારનો ઘણો શોખ હતો. પાનખર ઋતુ બેઠી હતી. હમો શિકારે નિકળ્યા. સાહેબે પોતાની સાથે બે ત્રણ ઘર ખાનગી નોકરો લીધા, અને બંદુકો તથા ઓશીસની પેટી મ્હને સોંપી. હમો વીસ આઇલ દૂર ગયા ત્યાં રીંછના શિકારની સારી ભાળ મળી. પ્હેલે દિવસે કંઇ જનાવર હાથ નહિં લાગવાથી બીજે દહાડે મળસકે પોહ ફાટતાં અવ્વલ શિકારે જવા નિશ્ચય કર્યો.

હજીતો સુતાને ઝાઝો વખત થયો નથી તેટલામાં સાહેબે મ્હને ઉંઘમાંથી જાગૃત કરી કહ્યું:—

" એક ફાલતુ રાઇફલ લે, હેલાવર, અને મ્હારી સાથે ચાલ. આપણે રીંછના શિકારે જઇએ, કારણ તે-

ઓને રાતનો ખોરાક ખાઇ પોતાનાં રહેઠાણુપર આરામ લેવા પાછા ફરવાનો આ વખત છે."

આ એક ઉમદા તક હતી. હમો બન્ને સાથે ઉપડયા. એ માઇલ દૂર ગયા કે એક મ્હોટો રીંછ ટેકરી પરથી નીચે ઉતરતો હતો. સાહેબે બંદુકની નેમ તાકી, બે વખત બાર કીધા, પણ હું કહું છું તેમ અંધારૂ હોવાથી ગોળી લાગી નહિં, અને રીંછ નાસી ગયો. સાહેબે મને હાક મારી.

"મ્હને બીજી રાઇફલ આપ, દેલાવર, જલદી કર, નહિંતો જાનવર હાથથી જશે." એટલે બંદુક આપવા હું આગળ ધસ્યો.

હું જાણતો નહોતો કે એ પ્રમાણે થવા કાળ હશે, નહિંતો પ્હાડોના ઢોળાવપર પગ ગોઠવીને ચાલત. હું કદી આવા ઢોળાવપર આવેલો નહિં તેથી મ્હારો પગ એકાએક લપસ્યો, અને ધીમે ધીમે સરતો સરતો નીચે ખીણુમાં ગબડવા લાગ્યો. નીરૂપાયે જે મ્હને હાથ લાગતું તેને હું પકડવા જતો, પણ દરેક ચીજ મ્હારી દુશ્મન થઇ મ્હારા હાથમાંથી લપસી જતી, અને સુભાગ્યે

ને મ્હારો ડગલો એક વિશાળ ઝાડના મજબૂત થડની ડાળ સાથે ભેરવાઇ ગયો નહોત તો હું છેક નીચે ઊંડી ખીણમાં ગબડી પડત, અને મ્હારા હાડકાંના ચૂરેચૂરા થયા હોત.

હું નિરાધાર અને નાઉમેદી ભર્યો જીગરે લટકી રહ્યો. મ્હારો ડગલો મ્હારા ભારને લઇ જરા જરા ચીરાતો જતો હતો, અને હું જોતો હતો કે છેક ઊંડાણમાં અડકવાળા પથ્થરોપર મ્હારૂં શરીર પડતાં ટુકડે ટુકડા થઇ જશે. મ્હને કાંઇ સૂજ પડે નહિં. મ્હેં જીવવાની આશા છોડી અને મોતની વક્કી રાખી.

પણ ડુંગર ઉપરથી મ્હેં કોઇનો અવાજ સાંભળ્યો.

"હિંમત રાખ, હેલાવર! સ્થિર થઇ રહેજે. જરા પણ હીલતો ના. હું તને બચાવવા આવું છું."

અને તે સાહેબ આવ્યો, એવી જગ્યાઓ કે જ્યાં એક પગલું ચૂકતાં તાત્કાલીક નાશ થાય. અરે! આ જીવ તેના સિવાય બીજા કોઇને કિંમતી નહોતો. એગ માની એક ગરીબ ચપરાસીની જીંદગી બચાવવા ખાતર પોતાના અમૂલ્ય જાનની ખુવારીમાં ઉતર્યો હતો. આ

પણ હું કદી વિસારીશ નહિં, મ્હારો ડગલો પીઠ પાછળ થી ભેરવાયલો હોવાથી મેં મહા મહેનતે ડોકું ઉંચું કરી જોયું તો પોતાના જીવના જોખમે સાહેબ મ્હારી જમણી બાજુ તરફ નીચે ઉતરતો હતો, અને પગ મૂકા જગ્યો કાઢતાં વચ્ચે આવતા પથ્થર એવી રીતે ખસેડતો કે જેથી કરી નીચે ગબડતાં મ્હને ઇજા કર્યા વગર મ્હારી પાસે થઈ ખીણમાં પડતા હતા. મ્હારો જીવ ઉંચો હતો. જો સાહેબનો પગ લપસે તો જેમ ઓરત પોકેપોક રડે તેમ મ્હારે રડવાનું હતું, પણ હમો બન્નેને તે દિવસે મરવાનું સરજેલું નહિં, તેથી તે મ્હારી બાજુએ વગર હરકતે આવી પહોંચ્યો, અને મ્હારો હાથ ઝાલી મ્હને ઉપર ખેંચી લીધો.

તેજ પળથી મ્હારી જીંદગી મ્હેં તેને અર્પણ કરી હતી. તે જે ચાહે તે કરી શકે. તેના તરફ મારી આ ચાહનાથી તેણે મને બીજી નવાજેશ કીધી.

સાહેબ ઘણો મહેનતુ હતો. દિવસના ઘણાખરા કલાક તે ઓફીસ ટેબલ ઉપર બેસી કાઢતો હતો. એક સમયે મ્હને તેણે ઓફીસમાં બોલાવી કહ્યું:--

"દેસાવર! ફોરેસ્ટ ગાર્ડની એક જગ્યો ખાલી છે,

ત્યાં હું તારી નેમણુંક કરૂં છું, કારણ તે જગ્યાને તું લાયક છે. તારી ફરજો ઘણી સંભાળપૂર્વક બજાવતો રહેજે, પરંતુ એ સઘળા ઉપ્રાંત પાક ધ્યાનથી ચાલજે. તને ચરી ખાવાનું ત્યાં ઘણું મળશે, પણ તારી સરકાર ને લુંટતો ના. તે એવી જગ્યા છે કે તારા કામની કોઇ દેખરેખ વધુ રાખશે નહિં. હું પણ વરસમાં એકાદ વખત તપાસવા ભાગ્યેજ આવીશ."

આમ થવાથી મ્હારા ધણી-સાહેબને છોડવાથી મ્હારૂં અંતઃકરણ મ્હને ડંખવા લાગ્યું, પણ સાહેબના આગ્રહથી તેમ પ્રોમોશન મળવાથી મ્હેં ખુશી દેખાડી. નિમકહલાલી થી ચાલવાનું સાહેબને વચન આપ્યું. હું તેના આભાર હેઠળ હતો, તેનો ઉપકાર શબ્દોમાં વાળવા જેટલી શક્તિ મ્હારામાં નહોતી, પણ મ્હારી લાગણી સાહેબ સમજી ગયો.

જે બીટમાં મ્હારી બદલી થઇ હતી તે એક વેરાન જંગલ હતું. દેવદારનાં ઝાડો એટલી બધી સંખ્યામાં હતાં કે જેમની છાયાથી જમીનપર ભાગ્યેજ અજવાળું પડતું. પક્ષિઓએ પણ તે જગ્યાને એકાંત વાસ ગણી ત્યાગ કરી હતી. ગામથી બે ત્રણ માઇલ દૂર એક નાહના મેદાનમાં નાહનું સરખું ચાલચલાઉ ઝુંપડું બાંધી તેમાં

દિવસે હું પડી રહેતો અને રાત્રે ગામમાં જઇ સૂતો હતો. મ્હને નવરાસ ક્વચિત મળતી, કારણ આખો દહાડો મ્હારી ફરજો બજાવવા પાછળ જંગલમાં રખડી પસાર કરતો. કેઇ કોઇ વખત વીલસન સાહેબ જંગલ તપાસવા આવી ચઢતો, અને બધું બરાબર હોવાની ખાત્રી થએથી ઘણો ખુશી થતો. સાંજ પડતાં ગામમાં જઇ ગામ લોકોથી ગપાટા મારી રાત પુરી કરતો. જોકે મ્હારો પગાર પેટપૂરતો હતો, તોપણ ગામના લોકો મ્હને કંઇનું કંઇ ભેટ સોગાદ કરતા, અને તેના બદલામાં હું થોડો ઘણો નફો તેમને અપાવતો હતો. આમ કરવાથી સરકારને કંઇ નુકશાનમાં નાંખતો નહિં, કેમકે વીલસન સાહેબના શબ્દો મ્હારા મગજમાં કોતરી રાખ્યા હતા. જ્યારે ઘાસ પુષ્કળ ઉગતો ત્યારે એકાદ બે ઢોર વધારે ચરે, અગર કોઇ જગાએ સુકાં ખવાઇ ગયલાં લાકડાં પડી કોહતાં હોય તેમાંથી એકાદ બે ભારા ગામ લોક માથે લઇ જાય તેમાં સરકારને શું નુકશાન થવાનું હતું? સાહેબ બરાબર સમજતો હતો કે આ મ્હારૂં કૃત્ય બેરવ્યાજબી નહોતું.

મ્હારી બીટ માંહેનું તમામ જંગલ હું ફરી વળ્યો હતો. ફક્ત એક જગો એવી હતી કે જ્યાં જવા હિંમત

કરતો નહિં. ખાસ મોટા જથ્થામાં ઉગેલો હતો, ત્યાંથી થોડે દૂર ખડકોમાં એક જબરો ઉંડો ખોહ હતો, તેનો છેડો કેટલી ઉંડાઇએ ક્યાં હશે તે કોઇને માલમ નહોતું. મ્હને ખબર મળી હતી કે તે જીન પલીદોનું રહેઠાણ સમાન હતું. કેટલીક વખત તે ઉંડાગારમાંથી રૂદન કરતો અવાજ સંભળાતો હતો, તો બાજે વખત કોઇ પ્રાણીને કચડી મારી ખાવામાં આવતું હોય તેવા પડઘા સંભળાતા હતા. એક રાત્રે મ્હારી તે તરફની ડયુટી બજાવતાં એવા અવાજો મ્હેં કાનો કાન સાંભળ્યા હતા. સાહેબને મ્હેં આ વાત કહેલી તેથી વગર કારણે ત્યાં જવા સાફ ના પાડી હતી.

એ પ્રમાણે સુખ-શાંતિમાં મ્હારા પાડોશી-ગામનાં લોકો સાથે દિવસો ગમન કરવા લાગ્યો, અને એક અભાગ્ય દિવસે ત્યાંના કન્ટ્રાકટર ભિકારીલાલે મારા પ્રકાશિત આકાશ વચ્ચે વાદળાં ફેરવી દીધાં.

મ્હારી બીટનાં તમામ ઝાડો, જે ઉપર સરકારી છાપ હતી, તે કાપી લઇ જવાનો કન્ટ્રાકટ તેણે રાખ્યો હતો. જો કે કન્ટ્રાકટની રકમ કરતાં એટલાં ઝાડોથી તે બમણી રકમ કમાત, તેમ છતાં તેને તેટલાથી સંતોષ રહ્યો

નહિં. બીજાં વીસ મોટાં દેવદારનાં ઝાડો જે આ સાથે કપવાનાં નહિં હોવાથી સરભારી છાપ નહોતી, અને કન્ટ્રાકટમાં પણ આપેલાં નહિં, તે કાપી લઇ જવાનો તેનો ઇરાદો હતો. તે દરરોજ સાંજરે મ્હારી પાસે આવતો અને એજ ઝાડો કાપી લેઇ જવાની વાત કરતો, અને મ્હોટી રૂપિઆની લાલચ બતાવતો. જો મ્હારી જગ્યાએ બીજો કોઇ હોત તો તે રકમ ક્યારનીએ તેના ગજવામાં પડી ગઇ હોત, પણ મ્હારી જીંદગીના બચાવનારને બેવફા થવા મ્હારી હિંમત ચાલતી નહિં.

પોતાની હાર થતી જોઇ બિહારીલાલ ગુસ્સે થયો, કારણ ઝાડો કાપી લઇ જવાની મોસમ પાસે આવી હતી. આજીજી અને કાલાવાલા કરતાં હવે તે મ્હને બિહવડાવા લાગ્યો, પણ આ તેની ધમકીની હું દરકાર કરતો નહિં, કારણ તે મ્હારા કરતાં કમજોર હોવાથી એકદમ હાથ ઉઠાવે તેટલી તેનામાં શક્તિ નહોતી, પરંતુ પૈસાના જોરે તે ધારે તે કરી શકે તેમ હતું.

એક રોજ સાંજે મ્હારી પાસે આવી તેણે એજ વાત છેડી, અને જ્યારે, તેના ગમે તેવા પ્રયત્નો છતાં, તેણે મ્હારા તરફથી નકાર શબ્દ સાંભળ્યો, ત્યારે ક્રર છો-

ડતી વખતે જમીનપર થુંક ઉરાડતાં બોલ્યો, "પરદેશી કુત્તા ! હવે વધારે વાર ધીરજ સહન કરીશ નહિં. યાદ રાખ, એ ઝાડો મ્હારાંજ થશે."

આ તેના શબ્દોપર મ્હેં આડા કાન કીધા. જો હું જરા ચેતીને ચાલ્યો હોત તો આ વખત નહિં આવતે, પણ થવા કાળ હોય છે તે કમેકરી મિથ્યા થતું નથી.

બીજે દિવસ બપોરના બાર વાગતાના અમલમાં હું મ્હારી ફરજોથી પરવારી ખીચડી ચૂલાપર મૂકી રોટલા કરતો હતો, તે વખતે બિહારીલાલ તરફનો એક મજૂર હાંફતો હાંફતો મ્હારી કને દોડતો આવ્યો તે જોઇ મને ઘણો અચંબો લાગ્યો.

"જલદી ચાલો, ઓ દેલાવરસિંહ !" તે મ્હોં ફાડી મહા પરાણે શ્વાસ લેતો બોલ્યો. "સોનાની ગુફાવાળા જંગલમાં મ્હોટી આગ લાગી છે. બિહારીલાલના ગાફેલપણામાં હુક્કામાંથી ચીણગારી પડી જવાથી જંગલ સળગી ઉઠયું છે."

કેટલુંક ખાવાનું તૈયાર હતું પણ એક કોળીઓ [illegible] ખાવા નહિં ઉભા રહેતાં વગર ઢીલે હું દોડયો;

હુ જાણુતો હતો કે જે ઠેકાણે જંગલ સળગી ઉઠે છે ત્યાંના બીટમાર્ડને નોકરીપરથી એકદમ બરતરફ કરવામાં આવે છે, તેથી હું ભૂખ્યો તરસ્યો, જેમ પ્રાણી પોતાની જીંદગી બચાવવા દોડે તેમ, હું તે મજૂરની પાછળ પાછળ દોડયો. રસ્તામાં વિચાર કરતો કે આ બિહારીલાલનુંજ કારસ્તાન હોવું જોઇએ.

ગુફા નજદીક આવતાં બળતું અગર ધુમાડાની કસી સોડમ આવતી નહોતી. મ્હેં તે મજૂરને તે વિષે પૂછ્યું, તેના જવાબમાં તે બોલ્યો કે છેક અંદરના ભાગમાં આગ લાગી છે, તેથી ઉસ્લામાં છેલ્લી ચીંગારી પણ ઓલવી નાંખવાની મ્હારી ફરજ હતી.

આખરે હમો સોનાની ગુફાના મ્હોં આગળ આવ્યા, ત્યાં બિહારીલાલ અને તેના પાંચ સાત માણુસો હાજર હતાં, પણ આગની કસી નિશાની નહોતી. મ્હારા ગુસ્સાનો પાર રહ્યો નહિં.

"હે ભાઇ! જો તમે આ મજાક કરી હશે," મ્હારાથી ભૂખનો જુસ્સો નહિં સહન થઇ શકવાથી મ્હોટે અવાજે મ્હેં બિહારીલાલને કહ્યું, "તો આ નીચમાં નીચ શરમ ભરી મશ્કરી છે."

"આ મશ્કરીની વાત નથી, દેલાવર!" બિહારીલાલે આગળ પડતાં કહ્યું, "આગ બાગ લાગી નથી એ ખરૂં છે, પણ તારી હાજરીની હગોને જરૂર છે."

તેણે હાથ વતી કંઇ ઇસારો કર્યો, તેનો મર્મ સમજું તે પહેલાં તેના માણસોએ મ્હારા હાથ પગ મજબૂત જકડયા. મ્હારા બળના સઘળા જોરે મ્હેં છુટવાને પ્રયત્ન કર્યો પણ સર્વે વ્યર્થ. પાંચ સાતની લાકડી ને એકપર બોજ તે હું એકલો શું કરી શકું? તેઓએ મ્હને પળમાં બાંધી કમજોર કરી નાખ્યો, અને પછી બિહારીલાલ બોલ્યો:—

"હજી વખત છે, દેલાવર. હરેક ઝાડ પાછળ તને દસ દસ રૂપિઆ આપીશ. જો આ કામની આડો આવશે તો આ ગુફામાં તને ઉતારીશ, અને તને મોતના દૈત્યને સ્વાધીન કરીશ, ત્યાં તારો કેવી રીતે અંત આવશે તે કોઇને માલમ પડનાર નથી. આ માણસો મારા જાતિભાઇઓ છે, તેઓ કદી ફૂટશે નહિં. તારી જગ્યાએ બીજો ફોરેસ્ટગાર્ડ નીમાશે, તે પહેલાં તો હમે હમારૂં કામ પૂરૂં કરીશું. વખતે તે જાણશે કે આ ઝાડોપર છાપ નહોતી છતાં શા આધારે ઠુડાં બાકી રહ્યાં છે, તો તેને મા-

નરાને જરા પણ શક રહશે નહિં કે દેવાવરસિંહ કન્ટ્રા કટર પાસથી લાંચ લેઇ ઝાડો કાપવા દીધાં હશે, અને લાંચ લીધાના તહોમતથી મુક્ત થવા પોતાનું મ્હોં છુપાવવા દૂર દેશ નાશી ગયો હશે."

આ એક નીચ કાવત્રુ રચવામાં આવેલું. તે કાવત્રું કરવા નર્કના દેવતાઓએ તેને ઉશ્કેર્યો હોવો જોઇએ. જો હું તેના કહેવા પ્રમાણે ચાલું છું તો, મરવાનું તો ઠીક છે પણ, મ્હારી પાછળ બદનામ મેલું છું, અને મ્હારા સાહેબને આપેલું વચન તોડું છું.

એક ક્ષણવાર હું મ્હારી લાગણીને આધીન થયો, પણ તરતજ મ્હારી જીંદગી બચાવનારનો ઓળો, મ્હારા ડગલાનો કડકડ થતો અવાજ, સાહેબના પગ હેઠળ ગડગડતા પથ્થરા અને મ્હારી નજદીક આવતાં તેનો ઉંચો દમ લેવાનો શ્વાસ, એ સઘળો ચિતાર મ્હારી સામે આવી ખડો રહેતાં હું સાવધ થયો. તેણે મ્હને જીવતદાન બખસ્યું હતું. હું તેનો આભારી હતો. બિહારીલાલ તરફ નજર ફેંકી હું ખડખડ હસ્યો.

"તું ચાહે તે કર, ઓ નીચ કૂત્રા! જ્યાં સુધી આ દેવાતરસિંહમાં દમ છે ત્યાં સૂધી એ ઝાડો તને કદી

મળનાર નથી." પછી બેભાનપણામાં જેમ મનમાં આવ્યું તેમ બીભત્સ શબ્દો વાપર્યા. જ્યારે તે મ્હને મારી નાખવાજ બેઠો હતો, ત્યારે તેના આ અધમ નીચ કૃત્ય ઉપર ધિક્કાર શા માટે ન દેખાડું! આથી તે વધારે ક્રોધાયમાન થયો, અને વધારે વેર લેવાની યુક્તિ રચવા લાગ્યો.

"એને મ્હારી પાછળ લાવો. પોતાને ગુસ્સો આપનારપર બિહારીલાલ કેવા પ્રકારનું વેર લે છે તે એને દેખાડું." તેણે કહ્યું.

મ્હને ગુફાના મ્હોં ઉપર અંધારામાં તેઓ ઉચકી ગયા. બે જણના હાથમાં બત્તી હતી. આ કામનો નિવેડો જલદી લાવવા તેઓ ઘણા આતુર દેખાતા હતા. મ્હારા ખભા આસપાસ દોરડું મજબૂત બાંધ્યું, અને મ્હને ગુફાની કિનારીએ લટકતો રાખી મ્હારા હાથે પગે બાંધેલું દોરડું છોડયું. જો હું જરા આમ તેમ ખસવાને પ્રયત્ન કરૂં તો મ્હને સીધો ગુફામાં ગબડાવી દેવાની ધમકી આપી. બિહારીલાલના કહેવાથી ગુફાના ખાડા માંહે બત્તી ધરી તો ત્રીસ ફીટ સુધી તો હમો સહેલાઇથી તે ઉંડો ખોહ જોઇ શકતા હતા.

"એને આ ખાડામાં ઉતારો," બિહારીલાલે કહ્યું,

"અને એનું મોત જલદી ન આવે તે સારૂં થોડો ખોરાક તથા પાણી પણ સાથે આપો."

પછી તે મ્હારા તરફ જોઇ હાથમાં રૂપિઆ ખખડાવતો બોલ્યો. "છેલ્લી વખત, દેસાવર! હું તને કહું છું કે હજી પણ પેલાં ઝાડો આપવાં છે?"

હું ગમે તેવી સ્થિતિમાં હતો તોપણ પરિપૂર્ણ રીતે સાવધ હતો, તેથી 'ના' એ શબ્દ કહેવાની શક્તિ મ્હારામાં હતી.

આથી મ્હારી પીઠપર પાણીથી ભરેલું વાસણ તથા થોડો ખોરાક બાંધી મ્હને અંધારાગારમાં ઉતારી એકલો નાંખી ચાલ્યા ગયા.

આ ટુંક અરસામાં મ્હારા કાળા વાળ સફેદ થયલા મ્હને લાગ્યા. મ્હારા દિલમાં લાગણીનો ગણગણાટ વ્યાપી રહ્યો, અને જેમ સખ્ત તાવ માણસને નિર્બળ કરી નાંખે છે, તેમ ધાસ્તી ભરી દહેશતે મ્હને અશક્ત કરી મૂક્યો હતો, અને હવામાં પાંદડું ફડફડ હાલે તેમ મ્હારૂં આખું બદન ધ્રૂજવા લાગ્યું. જો બિહારીલાલ પાછો ફરી મ્હને હાંક પાડત તો આ બલામાંથી છુટવા જેકાં

મ્હારાથી હા કલ્પાંતિના રહેવાત નહિં. હું જે જગ્યાપર પડ્યો હતો તે ખડકનો સહેજ બહાર આવેલો ભાગ હતો, બાકી મ્હારી હેઠળ ખોહ હજી ઘણો ઉંડો હતો. અતિ કષ્ટ વચ્ચે મ્હેં બૂમો પાડી, અને જરાક ખસી આ ઉંડા ગારમાં પડી આ સંકટનો છેડો આણવા જેટલી પણ મ્હારામાં હિંમત રહી નહિં.

વખતના વહેવા સાથ હું શાંત થયો. મ્હારી આંખો પરથી હાથ ખસેડ્યા અને મ્હેં વકાશી જોયું તો મ્હારાથી થોડે છેટે પથ્થરમાં પડેલા ફાટવાટે થોડું ઘણું અજવાળું આવતું હતું.

મ્હેં વિચાર કીધો કે વ્હેલું મોડું પણ મ્હારું મોત છેજ! ખભે બાંધેલું દોરડું છોડી થોડો ખોરાક ખાઈ પાણી પીધું. ખોરાક લીધાથી મ્હને નવું જોર આવ્યું. મ્હેં મ્હારા કેદખાનામાં ચારે બાજૂએ નજર ફેરવી જોયું કે કેથેથી નાશી જવા બને તેમ છે, પણ ખડકના કરાડા એવા લીસા લાગતા કે પગ મૂકવા જેટલી પણ જગ્યો જણાતી નહિં. જે કોરપર હું બેઠો હતો તે આસરે વીસ ઇંચ પહોળી હતી. મ્હારી પડોશમાં એક મ્હોટું બાકોરું હતું, જે જોતાં મ્હારી આંખો સાં-

ની ત્યાંજ ઠરી રહી. રખેને કોઇ પલીદ માંહેથી બહાર નિકળી મ્હને વળગી પડી ઉંડાણમાં ઘસડી જાય ! હું લાકડાં જેવો સ્થિર રહી તે બાકોરાં તરફ નેગાહ રાખતો હોંશીયારીથી બેઠો.

ઝાંખું અજવાળું પડવાથી મ્હેં જાણ્યું કે સાંજ પડી હતી, થોડીવારે પેલા બાકોરામાંથી કોઇનો દમ લેવા નો અવાજ સ્પષ્ટ સંભળાયો. મ્હારી છાતી ધડકવા લાગી. મ્હેં કાન દઇ સ્તબ્ધ થઇ સાંભળ્યું તો કોઇ ચોરી છૂપીથી પણ ઘણીજ સાવચેતીથી ચાલતું હોય એમ મ્હને ભાસ્યું. મ્હારા નાકે ઘણીજ ખરાબ બદબો આવવા લાગી. હળવે હળવે બાકોરામાંથી કંઇ આકૃતિ જેવું બહાર નિકળ્યું. તે મ્હોટો રાનો વાઘ હતો.

જેટલો હું તેને જોઇ બિહયો હતો તેથી બમણો તે મ્હને જોઇ અજબ થતો બહાર આવી પથ્થરપર બેઠો, ઓ બગાસાં ખાતો ખાતો પંજા ચાટવા લાગ્યો, અને જાણે હું ત્યાં હાજર નહિં હોઉં એમ ધારી મીંચલો થઇ બેસી રહ્યો, પણ દરેક વખતે તે મ્હારી હીલચાલ તપાસતો હતો. પછી તે ઉઠ્યો, અને ઘણીજ સંભાળથી કોરે કોરે થઇ મ્હારા તરફ આવવા લાગ્યો.

અત્યંત ભય વચ્ચે મ્હેં મ્હારો ખોરાક તેના તરફ ફડસેલ્યો, આથી તે ઉલટો ઘુરકવા અને મ્હોટા દાંત દેખાડવા લાગ્યો. તે હજી મ્હારી અડોઅડ આવ્યો, પણ ત્નેઇતો માર્ગ નહિં મળવાથી પાછલા પગે ભાકોરાં ભણી પાછો ફર્યો હવે મ્હને સમજ પડી કે મ્હારી પાસે જે તે માંગતો હતો તે તેને જવા માટે માર્ગ કાઢી આપવાનો હતો.

તેથી હું પ્રથમ કરતાં મજબૂત દ્રઢતાથી સ્થિર થઇ દરેક અવયવોને કઠોર કીધા, પગ કરાડાપર ઝુલતા રાખ્યા, અને પીડપર આડો થઈ સૂતો. વાઘ પાછો આવ્યો. મ્હારી છાતીની અડોઅડ તેનું પેટ અથડાતું, અને તેના મ્હોંમાંથી નિકળતો શ્વાસ મને ગરમ લાગતો. બિહક દેખાડવાને હવે હું ડરતો હતો. ઘણી સંભાળથી તેણે એક પગ મ્હારી છાતીપર મૂક્યો અને બીજે કુદકે આગળ વધી દૂર જઇ ઉભો. તે મ્હારી ઓચિંતી હાજરીથી ઘણો બિહધો હતો તેમાં જરાપણ સંસય નહોતો. હું તેના આ મૂર્ખાઇપર મનમાં ને મનમાં હસ્યો. મ્હને આ વખતે એક વિચાર સુઝ્યો. વાઘ ગયો ક્યાં? હું તે માર્ગે થઇ કેમ ન જઇ શકું? તે મ્હારી માફક આ ગુફામાં કેદી

નહોતો! ત્યારે, ખરેખર! બહાર જવાતું હોવુંજ જોઇએ!

મરણાધીન માણસે મરણીયાપણું વાપરવું પડે છે. જો હું ગુફામાં પડી રહું છું તોપણ મ્હારૂં મોત છે, અને આ સાંકડે પણ ભયાનક રસ્તે થઈ જતાં વખતે ગબડી પડું તો એથી સરસ બીજું મોત કયું હતું? મ્હેં દૃઢ નિશ્ચય કર્યો. મ્હારાં કપડાં ઉતારી ગરદન આસપાસ વીંટાળ્યાં. ખોરાક ખાઇ પાણી પીધું, કારણ ખોરાક વિના આ કામ થઇ શકે તેમ નહોતું. પરમ કૃપાળુ પરમેશ્વરનું પાક નામ જબાંનપર લઇ વાઘના જવાના રસ્તે હાથ અને પગના ટેકાવતી ફમડાતો ફસડાતો ચાલ્યો.

આ દુ:ખદાયક મુસાફરી હતી. જગ્યા એટલી સાંકડી હતી, અને હવા એટલી દુર્ગંધ હતી કે હું મહામુશીબતે દમ લઇ શકતો. સંકોચાઇને ચાલવાથી ખડકના કરાડાના તીણા પથ્થરા સાથ મ્હારી ચામડી ઘસાવાથી સોહરાઇ લોહી નિકળતું હતું. વાઘ ક્યારનો બહાર નિકળી ગયો હતો.

જો મ્હેં આ કામથી હાથ ઉઠાવી પાછું ફરવા ધાર્યું હોત તો તેમ થઇ શકત નહિં, તેથી કિરતારપર ભ-

રોકી રાખી આગળ વધ્યા વગર છુટકો જ નહોતો. મ્હારી જીંદગી બચવાની તેથીજ મ્હને બમણું જોર અને હિંમત આવતી હતી. મ્હારા હૃદયમાં વેરના ભડકા સળગતા હતા, અને વીલસન સાહેબના શબ્દો મ્હેં છેવટ લગી પાળ્યા તે બતાવી આપવા હું ઘણો ઉલટમંદ હતો. ત્રણ ચાર કલાકની અથાગ મહેનત કર્યા બાદ શરીરમાંથી વહેતા લોહીના પરસેવા સાથે ગુફા બહારની તાજી હવા ખાવા શક્તિવાન નિવડયો. હું પાતાળમાંથી બહાર આવ્યો હોઉં એટલો મ્હને થાક લાગ્યો હતો. બે ત્રણ કલાક આરામ લીધા પછી સાહેબના બંગલે જવા રાતોરાત ઉપડી ગયો.

ગરીબનો રક્ષણકર્ત્તા તે દયાળુ દાતારની કૃપાવડે વીલસન સાહેબના બંગલે પહોંચ્યો. મારાપર વીતેલી તમામ હકીકત મ્હેં તેને સમજાવી. બીજે દિને સાહેબને સાથે લઇ નિમકહરામ બિહારીલાલપર વેર લેવા ગયો. તેણે પેલા ઝડોગાંથી એક ઝાડ કાપેલું હતું, અને બીજાં ઝાડો કાપવાની તૈયારીમાં હતો. મ્હને જોઇ બિહારીલાલ દંગ થઇ ગયો. તેની બદ દાનત બદલ સાહેબે તેને લાંબી મુદતની સખ્ત મજુરીની ટીપ સાથે પાંચસો

રુપિઆ દંડ કર્યો, અને સરકારી જંગલનું કોઇપણ જગ્યાનું કન્ટ્રાક્ટ ફરી નહિં આપવા ઠરાવ કર્યો. દંડમાંથી નીમે રકમ મ્હને ઇનામ દાખલ આપી, અને પોતાની ઓફીસમાં પ્રોમોશનથી કારકુનની જગો આપી, એટલું જ નહિં પણ થોડા મહિના બાદ સખ્ત ભલામણ સાથે ગવર્નમેન્ટમાં લખી મ્હોટા પગારની સ્વતંત્ર જગોએ મ્હારી નેમણુંક કીધી. ત્યાર પછી બે વાત મ્હારી નજર સમેથી ખસતી નથી. એક–બિહારીલાલની નિમકહરામીનો ચિતાર, અને બીજું–વીલસન સાહેબના શબ્દો કે "તેં ઠીક નોકરી બજાવી, દેલાવર ! કારણ તારી ફરજોનો એ જ બદલો હતો."

વાર્તા પૂરી થઇ છે, અને બે બોલ બોલવાની રજા લઉં છું.

જે ધણીનું નિમક ખાઇ હરામ કરવું તે બ્રાહ્મણને ઘેર રહી કસાઇપણું કરવા બરાબર છે. વફાદારીના ફળો વખતે પ્રથમ કડવાશ આપતાં હશે, પણ પાછળથી તેઓ જે મીઠાંસ ચખાડે છે તે કદી ભૂલાતો નથી. જેમ આપણે બહારથી શરીર સાફ રાખી ફરીએ છઇએ, તેમ આપણું અંતઃકરણ ગાંઠેથી શુદ્ધ રાખવું કે જેથી કરી કિ-

રતાર રાજી રહે. યાદ રાખવું જોઇએ કે નિમકહરામીનો બદલો નીચ હોય છે, અને પાક દાનતથી કરેલાં કામોનો બદલો શ્રેષ્ટ છે. નેક દાનતથી તથા ઈમાનદારીથી ચાલનારાઓ આ લોકમાં તેમ પરલોકમાં મ્હાન મ્હોટાઇ ભોગવે છે, માટે સુજ્ઞ વાંચકવર્ગ તે પ્રમાણે ચાલવા પ્રયત્ન કરશે.

સમાપ્ત.